# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

**અખબારી યાદી** **તા. ૨-૧૧-૨૦૨૨**

- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે નામદાર હાઈકોર્ટના જજને પત્ર લખીને હાલની એસ.આઈ.ટી.ને વિખેરી નાખી અને સુપ્રિમકોર્ટ અથવા હાઈકોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં નવી સીટની રચના કરવા અને આ ઘટનાને લઈને જાહેર હિતમાં સુઓમોટો કરવા વિનંતી કરી.**
- **ગુજરાત સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં જેટલા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે તેનું સેફ્ટી ઓડીટ અને ફાયનાન્સીયલ ઓડીટ કરવામાં આવેઃ આલોક શર્મા**
- **શા માટે અત્યાર સુધી મોરબી દુર્ઘટના બાબતે બાળ આયોગ, મહિલા આયોગ અને હ્યુમન રાઈટસ કમિશનના હોદ્દેદારો મૌન છે ? : ડૉ. જીતુભાઈ પટેલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તાશ્રી આલોક શર્માજીએ જણાવ્યું હતું કે, મોરબી સિવિલ હોસ્પીટલમાં જ્યા લાશોના ઢગલા પડેલા હતા ત્યાં સંવેદનહીન તંત્રએ આ લાશોની વચ્ચે બે યુવા ધન જે ગંભિર રૂપથી ઘાયલ હતા અને જીવીત હતા જેમની ઉંમર ૧૮ થી ૨૦ ની હતી તેઓ પણ આ લાશોના ઢગલાની વચ્ચે જીવતા મળ્યા હતા. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, આ બાળકો જલ્દીથી સાજા થઈ જાય. શા માટે આ દુર્ઘટનાના મૃતકોનું પોષ્ટમોર્ટમ નથી થયુ અને તેમના વીસેરા રીપોર્ટ રાખવામાં આવ્યા છે કે કેમ તેનો સરકાર જવાબ આપે ? મોરબી કેબલ બ્રિજની દુર્ઘટનામાં જે એસ.આઈ.ટી. ની રચના કરવામાં આવેલ છે. તે એસ.આઈ.ટી.માં ફક્ત સરકારને આધિન ઓફિસરને સામેલ કરવામાં આવેલ છે. જે પ્રમાણે ભૂતકાળની એસ.આઈ.ટી.નો ઈતિહાસ છે તે પ્રમાણે આ એસ.આઈ.ટી. સંપૂર્ણ રીતે તટસ્થ તપાસ કરશે કે નહી તે મોટો પ્રશ્ન છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રદેશ પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે નામદાર હાઈકોર્ટના જજને વિનંતી પત્ર લખીને હાલની એસ.આઈ.ટી.ને વિખેરી નાખી અને સુપ્રિમકોર્ટ અથવા હાઈકોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં નવી સીટની રચના કરવામાં આવે અને આ પત્ર દ્વારા જે માહિતી આપવામાં આવેલ છે તેને જાહેર હિતમાં સુઓમોટો કરવા માટે પણ વિનંતી કરવામાં આવેલ છે.

શ્રી આલોક શર્માજીએ સરકાર સામે માંગણી કરી હતી કે, ગુજરાત સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં જેટલા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે તેનું સેફ્ટી ઓડીટ અને ફાયનાન્સીયલ ઓડીટ કરવામાં આવે અને જો ફિટનેસ સર્ટીફીકિટ ઉપલબ્ધ ન હોય તો ગુજરાતની જનતાની સુરક્ષા માટે આ પ્રોજેક્ટ સત્વરે બંધ કરી દેવામાં આવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ એક્ટ ઓફ ગોર્ડ નથી પરંતુ એક્ટ ઓફ ફ્રોડ છે. આવુ ભૂતકાળમાં પશ્ચિમ બંગાળની પુલ દુર્ઘટના બાદ શ્રી નરેન્દ્ર મોદીજી બોલ્યા હતા. ઘટનાના ત્રણ દિવસ બાદ શા માટે રાજકીય શોક રાખવામાં આવ્યો ? મૃતકોની વેદનાને સમજવાની સંવેદના ભાજપ સરકારે ખોઈ દીધી છે. શા માટે અત્યાર સુધી આ ઘટના બાબતે બાળ આયોગ, મહિલા આયોગ અને હ્યુમન રાઈટસ કમિશનના હોદ્દેદારો મૌન છે ?

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ અને પ્રવક્તાશ્રી પાર્થીવરાજ કઠવાડીયા, ડૉ. અમિત નાયક ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
કોકન્વિનર - પ્રવક્તા
મો. 9898233038

બિડાણઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરનો નામદાર હાઈકોર્ટના જજને લખેલ પત્રની નકલ.

---

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને સેલ્ફ એમ્પ્લોયડ વિમન્સ એસોસિએશન (સેવા)ની સ્થાપના કરી મહિલા સશક્તિકરણની એક નવી દિશા આપનાર સ્વ. ઈલા ભટ્ટને ઈશ્વર ચરણોમાં સ્થાન મળે તેવી પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલી પાઠવી છે.